
૧૩૯
C

# ધોબીડો ધુવે છે



1600126

શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા • સંપાદકો, ગિજુભાઈ ને તારાબેન

૪૭

ફેબ્રુઆરી • ૧૯૪૯ ] ☆ [ કિંમત • [redacted]

શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : પુષ્પ [illegible]

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# ધોબીડો ધુએ છે

: લેખક :

ગિજુભાઈ

卐

: મુખ્ય વિક્રેતા :

આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨

૧૯૪૯

:પ્રકાશક:
અચરતલાલ ર. શેઠ
શ્રી વિરાટ પ્રકાશન મંદિર
સોનગઢ (કાઠિયાવાડ)

:મુદ્રક:
રેવાશંકર હરિશંકર જાની
શ્રી ગ્રામલક્ષ્મી પ્રિં. પ્રેસ
સોનગઢ (કાઠિયાવાડ)

## અનુક્રમ

નન્નુ ધોબી . . . . . . ૩
ચાઊસ . . . . . . ૭
રેવો પૂજારી . . . . . ૧૩
હાજો પગી . . . . . ૧૮
ડાળો પાણીવાળો . . . . ૨૧
ઘુઘો ગાડીવાળો . . . . ૨૪
પાંચો ભરવાડ . . . . . ૨૮
દેવો જોશી . . . . . . ૩૨

કુલ નકલ ૯૦૭૦

પહેલી આવૃત્તિ
ત્રણ મુદ્રણો
કુલ ૪૫૭૦

બીજી આવૃત્તિ
બે મુદ્રણો
૩૩૫૦ નકલો

તૃતીય મુદ્રણ
૧૧૫૦ નકલો
૨ : ૨ : '૪૯.

# ધોબીડો ધુએ છે

## નન્નુ ધોબી

નીચે ખામણે, મજબૂત બાંધે બેઠી થડીનો નન્નુ ધોબી હતો.

સોટા જેવી પાતળી ને તાડ જેવી ઊંચી નન્ની ધોબણ હતી.

વાને કાળો, રૂપે નમણો નન્નુ ધોબી હતો.

વાને ગોરી, રૂપે વરવી નન્ની ધોબણ હતી.

ધોબીધોબણ ધોળાં કપડાં પહેરે, ઊજળાં કપડાં પહેરે, નિતનવાં કપડાં પહેરે.

---

ખામણું=કાઠું, બાંધો    થડી=ધડ    વાન=રંગ
વરવી=કદરૂપી, બેડોળ

નન્નુ ઘેરઘેર જાય. મેલાં કપડાં લઈ આવે, ધોયેલાં કપડાં આપી આવે ને હિસાબકિતાબ સમજી લાવે.

ઘરમાં કામ નન્ની કરે. મેલાં કપડાં બાફી નાખે, ઘણો બધો ખારો છાંટે, ગધેડાંને નીરણુ કરે, ને ઊભી ઊભી ઇસ્ત્રી કરે.

ધોબીધોબણ ધોવા જાય.

ગાંસડાપોટલાં ગધેડાં ઉપર ને છોકરાં-છૈયાં ગાંસડા ઉપર; નન્નુનન્ની વાંસેવાંસે. નવા ઘરાક ગણતાં જાય, લેણુંદેણું ગણતાં જાય, વર-વાપર વિચારતાં જાય, ને એમ ઘરની વાતો કરતાં જાય. બીજે વખત ક્યારે મળે?

સવારે ઊઠીને રોટલા ઘડવા અને કપડાં બાંધવાં; દિવસ આખો ધોયા કરવું, અને ઘેર આવી થાક્યાપાક્યા સૂઈ જવું.

નદી નિર્મળ ચાલી જાય,
બે કાંઠે રેતી સોહાય.

ખડકા પાસે ઊભો રહી, બે હાથે કપડું

---

વરવાપર=સંબંધ સગાઈ          સોહાય=શોભે

પકડી, નન્નુ ધોબી ઝીક મારે; સીટી સાથે સીસ કરે; નવી નવી બોલી બોલે. ધબ ધબ ધબકારા થાય ને ભેખડમાંથી પડઘા પડે. ખડકા ઉપર ધબ ધબ; સામેથી યે ધબ ધબ. સી સી પડઘા પડે.

ધોબીડો ધુએ છે; ખળખળ પાણી જાય છે.
ધોબણ કપડાં સૂકવે છે;
નાનાં છોકરાં રમે છે;
શંખલાંછીપલાં વીણે છે.
ધોબીડો ધુએ છે; ખળખળ પાણી જાય છે.

તડકો તપ્યો, રેતી તપી, લૂગડાં તપ્યાં,
નન્નુ તપ્યો, નન્ની તપી, છોકરાં તપ્યાં.
છોકરાં કહે: "ભૂખ લાગી."
નન્નુ કહે: "રોટલા કાઢ."
નન્ની કહે: "ખાવા ચાલો."
નન્નુનન્ની ને છોકરાં સાથે બેસીને ખાય.
નદીનીર ખળખળ વહી જાય;
સૂકલ કપડાં કડકડ થાય.

નીર=પાણી

બપોર આખો ધો ધો;
બધો વખત ધો ધો;
સાંજ સુધી ધો ધો.

ટાઢો ઢળ્યો ને સાંજ થઈ; કપડાં ઊપડ્યાં ને પોટલાં બંધાયાં; ગધેડાં ઊઠ્યાં ને પીઠે લદાયાં. છોકરાંછૈયા અને નન્નુનન્ની ઘર ભણી ચાલી નીકળ્યાં.

ધોબીધોબણ ધોઈ આવ્યાં; નાનાં છોકરાં રમી આવ્યાં.

રોટલા ઘડવા નન્ની બેઠી; નીરણુ કરવા નન્નુ ગયો; વાટ જોતાં છોકરાં બેઠાં.

તાંસળીમાં છાશ ને કથરોટમાં રોટલા. આણી કોરથી નન્નુ લે, પેલી કોરથી નન્ની લે, વચ્ચે વચ્ચેથી છોકરાં લે.

મોળી છાશ ને જારના રોટલા.

કડકડીને ભૂખ, આખા દિવસનો થાક ને જમવાનું સુખ.

## ચાઊસ

રાતના અગિયાર વાગે છે. ચાઊસ ઊંઘે છે: ઘસઘસાટ.

હમણાં બાર વાગશે: ટણિંગ, ટણિંગ, ટણિંગ.

ત્યાં તો ચાઊસ ઊઠશે; આંખો ચોળશે ને ઊભો થશે.

હળવે રહી પથારી સંકેલશે, ખાટલો ઉપાડશે, બત્તી હાથમાં લેશે, જમૈયા પર હાથ નાખશે, ખોંખારો ખાશે ને ચક્કર લગાવશે.

ચારે કોર જોશે, ધારી ધારીને જોશે; બારીઓ તપાસશે, તાળાં હલાવશે; નક્કી કરશે કે બધું બરાબર છે.

પાછો ખોંખારો ખાશે ને અરબી ગીત

ગાશે: એકદમ ઊંચા રાગથી. ત્યાં તો એકદમ નીચો રાગ થશે. વળી પાછો ઊંચો, વળી પાછો નીચો. ચાઊસ એકલો એકલો બોલશે: જાણે કોઈકની સાથે વાતો કરે છે. પણ આપણને શું સમજાય? હબોલોશબોલો જેવું બોલે.

મધરાત થઈ છે; એક વાગ્યો છે. ચાઊસ આંખ ફાડીને બેઠો છે; ટટાર થઈને બેઠો છે.

મનમાં એક જ વાત છે. ચોર આવે તો બોંબારું, પડકારું; નજીક આવે તો જમૈયો મારું. "જાન જાવે તો ક્યા? સાલે ચોરને આવવા દઉં?"

ઘરમાં શેઠ લખે છે. બાળબચ્ચાં ઊંઘે છે. શેઠ લેખાં લખે કે લેખ લખે, ચાઊસને શું? ચાહે તો મોટું ભાગવત લખે ને ચાહે તો નાનો પાઠ લખે. ચાઊસને શું?

ચાઊસનું કામ ચોકીનું.

એ પણે એક તારો ખર્યો. પણે હરણાં ઊગ્યાં ને વીંછીડો આથમ્યો. પણે લાલ તારો દેખાયો ને ભૂરો તારો ઝબક્યો. તારા આમ

જાય તો યે શું, ને તેમ જાય તો યે શું? ચાઊસને એમાં લેવા-ય નહિ ને દેવા યે નહિ.

ચાઊસનું કામ ચોકીનું.

ચીબરી બોલે તો ચાઊસ સામેથી "હાઉક' બોલે; ઊલટો ચીસ નાખી ભગાડે! કતરું ભસે તો ચાઊસ 'હુ હુ' કરીને સામે દેડે. ઘરમાં બિલાડી ખખડાવે તો ચાઊસ બહારથી બોલે: "ખબરદાર, ખબરદાર!" દૂર ગાય ઊભી હોય તો ચાઊસ પૂછે: "કોન, યે કોન હે?" આમ બધું ચાલે. પણ ચાઊસને કાંઈ લાગેવળગે નહિ.

એનું કામ તો ચોકીનું.

બે વાગે. ચારે કોર શાંતિ હોય. એક પાંદડું ય ખડખડતું ન હોય. પવન પણ સૂતો હોય. બધું સૂનકાર સૂનકાર હોય. વખતે ચાંદની પથરાઈ રહી હોય ને વખતે અંધારું-ઘોર છવાઈ રહ્યું હોય, પણ ચાઊસનું રુંવાડું યે ફરકે છે? એના મનમાં શું કવિતા ઊઠે છે? ના રે ભાઈ! એ કામ ચાઊસનું નહિ.

ચાઊસનું કામ ચોકીનું.

બેઠાં બેઠાં મનમાં કોણ જાણે કેવા યે વિચારો આવતા હશે. પણ શા<u>ના</u> આવતા હશે? શેઠના? દિવસે શેઠ વઢ્યા હશે એના? બપોરે ડુંગળીનું શાક દાઝી ગયું હતું એના? કાલે છરાની ધાર કઢાવવી છે એના?

કોણ જાણે, અરબસ્તાન સંભારતો હોય તો! તો તો તીખો તડકો યાદ આવે; તાડ અને ખજૂરીનાં ઊંચાં ઊંચાં ઝાડો નજરે ચડે; જૂના જૂના દોસ્તો સાંભરે. વખતે બાયડી-છોકરાં યે સાંભરે.

ત્રણ વાગે એટલે ચાઉસ કાવો કરે. આ એનું મોટું જબરું કામ. આ એનો મોટો બધો વિરામ. આ એનો ઉજાગરાનો દોસ્તદાર.

કીટલીમાં કાવો થાય ને વાટકીમાં ઠરે. પછી ચાઉસ બિચારો એકલો, કેવળ એકલો! એકાંત શાંત રાત્રિએ સાવ એકલો. જગત આખામાં એકલો. કાવાની પ્યાલી મોઢે માંડે ને ગટગટાવી જાય.

ચાઉસ ટટ્ટાર થાય. ફરી વાર અરબી

ગીત લલકારે. વખતે વખતે ઘરડે ઘડપણે એકલો એકલો નાચે પણ ખરો. પાછો 'રોન' લગાવે. બધું બરાબર: આલબેલ!

રાત ભાંગતી જાય છે. દંગાવાળા ચોકી-દારો ઘડિયાળના ટકોરા નથી મારતા. રોન-વાળા પણ ઊંઘી ગયા છે. એક ચાઊસ જાગે છે. આંખે એક મટકું પણ નથી.

ચાર વાગે, પાંચ વાગે. ઉગમણે ઉજાસ થાય. હવે ભળકડું થશે, પ્રભાત થશે. તારા સંતાઈ જશે, સૂરજ ઊગશે.

ચાઊસને એનું શું?

એનું કામ ખલાસ થવા આવ્યું છે. છેલ્લો ફેરો લગાવે છે. વજૂ કરે છે; નમાજ પઢે છે. "અલ્લાહો અકબર!"

સવાર કેવી પડે તેની ચાઊસને શી તમા? ચાઊસ ઓરડીમાં જાય છે, રોટલા ઘડે છે, નાસ્તો કરે છે.

શેઠ ઊઠ્યા છે; મોંમાં દાતણ છે અને

વજૂ કરવું=હાથપગ ધોવા

ઓશરીમાં આંટા મારે છે.

ચાઊસ કહેશે: "આલબેલ."

શેઠ કહે છે: "અચ્છા."

ચાઊસની નોકરી ખલાસ.

ચાઊસ ગામમાં જશે. તરકારી લાવશે; છરો ઘસાવશે; જોડા સંધાવશે; તાવડી ખરીદશે; બે આરબોને મળશે; ઓરડીએ પાછો આવશે.

બપોર થશે; ઊંઘી જશે.

સાંજ પડવા આવશે; કુરાન વાંચશે.

સાંજ પડશે; નમાજ પઢશે.

રાત પડશે; ચોકીએ બેસશે

પાછી સવાર; પાછી સાંજ.

પાછી સવાર; પાછી સાંજ.

તરકારી=શાક

# રેવો પૂજારી

રેવો બહુચરાજી માતાનો પૂજારી. માતાજીનું મંદિર ગામની વચ્ચોવચ્ચ. માતાજી પુરાતની દેવી. ગામના રાજાની કુળદેવી. ગામની પ્રજાની બહુચર મા.

રેવો માતાજીનો પૂજારી. માતાનું મંદિર જૂનું પુરાણું. જૂના એના પત્થર, જૂની એમાં કોતરણી, જૂનાં એમાં જાળિયાં ને નકશીકામ, ને જૂનોજૂનો કેટલાં ય વર્ષનો જૂનો ખોખરો થઈ ગયેલો એક ઘંટ.

રેવો આ મંદિરનો પૂજારી.

માજી ગોખલામાં બેઠેલાં. ગોખલો આંગીએ જડેલો. ઉપર માજીનું મોં ને માથે માજીને

આંગી=માતાજીની મૂર્તિનાં રંગબેરંગી પતરાં અને કાચના શણગાર

ચૂંદડી. એમ લાગે કે માતાજી સોળ કળાનાં, સોળ શણગારે, એવાં ને એવાં બેઠાં જ છે!

રેવો આ માજીનો પૂજારી.

સવાર પડે ને રેવો નાહી ધોઈ, ચંડીપાઠ ભણી, પાઠપૂજા આટોપી, ટીલાંટપકાં કરી, પાઠ ભણતો માજીને મંદિરે આવે.

ગોખે માજી વિરાજેલાં હોય. અખંડ દીવો બળતો હોય. બધું શાંત શાંત હોય. ઘંટ વાગ્યો ન હોય; નગારું પણ ઘણઘણ્યું ન હોય; ત્યાં રેવો મહારાજ આવે.

રેવો બારણાં ઉઘાડે. મંદિર આખું વાળી નાખે. માનો ગોખ લૂછી નાખે ને પૂજાકામ આરંભે. રેવો ચંડીપાઠ ભણતો જાય ને માની સેવા કરતો જાય. માને નવરાવે, ચંદન કરે, ફૂલ ચડાવે, ધૂપદીપ કરે ને નૈવેદ્ય ધરે. પછી આરતી કરે ને ટોકરી વગાડે. આરતી કરી રેવો મંત્રપુષ્પાંજલિ ભણે. હાથમાં ફૂલો લે ને મંત્રો ભણે.

મંદિર કાંઈ રૂડું લાગે! મા તો જાણે

સાક્ષાત્ જીવતાં ભવાની બેઠાં! ધૂપ ને દીવો; એથી તો એવી ટાઢક વળે કે વાત કરો મા. સવારે કોઈ દર્શને આવે, ને કોઈ ન પણ આવે. સવારની પૂજા પરી થાય ને રેવો નગારું વગાડે, ઘંટ વગાડે, પાછે પગે ચાલીને માને નમે ને બારણાં બંધ કરી મંદિર બહાર નીકળી જાય.

રેવો પૂજારી પાકો એવો દેવીભક્ત. પાછો ઘેર જઈ ચંડી ભણે. સિંદૂરની આડ કરે, જંત્રની પૂજા કરે ને બાર ઉપર બે વાગે દેવી-કૃપાથી રોટલા ભેગો થાય.

રેવા પૂજારીને ગામ ખાતે વરસોંદ મળે: માતાજીની પૂજા કરવાની. કોઈને ત્યાં ચંડીપાઠ બેસારવો, ભૂતપલિતને હાંકી કાઢવું, માજીની અહેર કરી દેવી, એટલું એનું કામ.

બપોર વચ્ચે રેવો જરા આડે પડખે થાય. રોંઢે રેવો બજારે જાય ને સાંજે મંદિરે આવે.

સાંજે પાઠપૂજા થઈ જાય. રેવોં આરતીની તૈયારી કરે. આરતીમાં ઘીએ ઝબોળેલી વાટો

વરસોંદ=દર વરસે મળવાની રકમ

મૂકે, દીવાસળીથી સળગાવે, ફરતી પાણીધારા કરે, હાથમાં ટોકરી લે ને આરતી ગાય:

"જે આદ્યશક્તિ, મા! જે આદ્યશક્તિ!"

ભાવિક જનોમાંથી કોઈ ઝાલર વગાડે, કોઈ ઘંટ વગાડે તો કોઈ નગારું વગાડે: બીજા જનો તાળીઓ પાડે ને આરતી ગાય. મંદિર આખું ગાજી ઊઠે. દીવાથી ને આરતીથી માનો મીનાકારી ગોખ ઝળહળી રહે.

માનો આરતીનો વખત એટલે આનંદનો સમય. 'અંબેમાતકી જે!' 'ઊગમણા ગોખ-વાળીની જે!' એમ બોલાય ને આરતી પૂરી થાય.

રેવો સૌને આરતી આપે, સૌ હાથ લઈ આંખે અડાડે. પછી રેવો સૌને એક એક ફૂલ આપે. સૌ ફૂલને બે હથેળી વચ્ચે સાચવી રાખે, ને રેવો મંત્રપુષ્પાંજલિ બોલે. એની સાથે બીજા પણ મંત્રપુષ્પાંજલિ બોલે.

મંત્રોચ્ચાર પૂરો ને માજીના ગોખ ઉપર કેટલાં યે ફૂલો પડે.

મીનાકારી=સોનાચાંદી પર રંગીન કામ-કારીગરી

પછી સૌ નમી નમીને દર્શન કરી ઘેર જાય. એકેએક સેવક આવી રહે, વાળુ વખત વીતવા માંડે, ત્યારે રેવો પૂજારી બહુચરાજીનાં ભાવથી દર્શન કરે, નમન કરે ને બારણાં બંધ કરી ઘેર આવે.

"જે માડી! તું કરે તે ખરી." કરીને રેવો હાથપગ ધોઈને વાળુ કરવા બેસે.

વાળુ કરી રેવો માનું નામ લઈ ખાટલે પગ દે, ને થોડી વારે ઊંઘી જાય.

# હાજો પગી

હાજો જાતનો કોળી હતો: ચૂંવાળિયો કોળી હતો.

હાજો પાકો ભરાડી. હાજે એક નહિ પણ અનેક ખાતર પાડેલાં. હાજે બેપાંચ વાર તો જેલનાં દર્શન પણ કરેલાં.

હાજો શકદાર ખરો ના, એટલે ત્રણું વાર હાજરી આપવી પડે.

સવારે સાત વાગે ને ચકલે હાજરી લેવાય—

"ભીમા રૂડા?"

"જી! હાજર."

"દેવા લઘા?"

"જી! હાજર."

---

ભરાડી=હરામખોર; તોફાની

"મેઘા પેમા ?"

"જી! હાજર."

"હાજા માવા ?"

"જી! હાજર."

રાતના નવ વાગે ને ચકલે હાજરી લેવાય ત્યારે પણ હાજો કોળી હાજર જ હોય.

અને છતાં રાતમાં હાજા કોળીએ એકાદ ખાતર તો પાડ્યું જ હોય.

રાતણુઢો હાજો અમારી સીમમાંથી ઊપડે. આઠ ગાઉ, દસ ગાઉવેરે નીકળી જાય, ખાતર પાડી સવાર પડે ત્યાં તો ઘરભેગો થઈ જાય.

પારકી હદમાં ખાતર પાડે, ને ચોર ત્યારે હાજો કોળી. કોણ પકડે અને કેવી રીતે?

અમારા દરબારે એને પગીમાં રાખ્યો. દરબારે વિચાર્યું: "આવો જબરો કોળી ચોરી કરે તે ખોટું. એના કરતાં તો એ ચોર પકડે તે વધારે સારું."

હાજો કોળી પગી રહ્યો એટલે અમારા

રાતણુઢો=રાત ઉજાગરો દરમિયાન. ગાઉવેરે=ગાઉને અંતરે

ગામના ચોર ભાગ્યા. હાજો કોળી ખાતરના સગડ ઓળખે. એવો તો સગડને પારખવાવાળો કે ખાતરથી ઠેઠ એના ઘર સુધી પગેરું લઈ જાય.

હાજો પગી પચીસ વરસનો જુવાન હતો. માથે રાતું મધરાશિયું બાંધતો, ડિલે ચીણવાળું કેડિયું પહેરતો ને હેઠે ફૂમકિયાળી નાડી બાંધતો; પગમાં ગાંડા મોચીના ફૂદડીવાળા જોડા પહેરતો, અને હાથમાં કડિયાળી મોટી જબરી ડાંગ રાખતો.

હાજો પગી મારા બાપાને ઓળખતો ને વારે વારે અમારે ઘેર આવતો.

અમે કહેતા: "જોયો પેલો હાજો પગી! સાહેબના તંબૂમાંથી તિજોરી ઉપાડી આવ્યો હતો તે."

સગડ=પગલાંની નિશાની

પગેરું=સગડ

# કાળો પાણીવાળો

અમારું ગામ નહિ શહેરમાં, નહિ ગામડામાં. નહિ ત્યાં ઘેરઘેર નળ કે નહિ ત્યાં પાદરમાં પાણી; નહિ નદી કે નહિ નવાણ. ગામની નદી ઉતાવળી. નામ એવા જ ગુણ. ચોમાસામાં બે કાંઠે પાણી ને ઉનાળામાં બે કાંઠે કાંકરા! ઉનાળામાં પાણીની તો રાડ બોલે. એટલે દૂર પાણીએ જવું એટલે જગન્નાથજીની જાત્રા! એક કલાકે એક બેડું આવે. પાણી લાવવું એટલે વહેતું પાણી ભરી લેવાનું નહિ; કૂવામાંથી સીંચી લેવાનું પણ નહિ. કૂવાનું પાણી ભાંભળું આવે. એ તો નદીએ જઈ વીરડો ગાળવાનો, પાણી ઉલેચવાનું ને એ આછરે એટલે છાલિયે છાલિયે ભરવાનું.

અમારા ગામમાં પાણીનું દુઃખ પૂરેપૂરું.

કાળો ત્યાં પાણીવાળો. કાળો એનું નામ હતું; રંગે એ ઘઉંવર્ણો હતો.

કાળાએ પાણીની ગાડી કરેલી. અમે એનું પાણી બંધાવેલું. કાળો રોજ સાંજે ગાડી લઈને આવે એટલે દૂરથી સાદ પાડે: "એ.... હાલજો બાપા! પાણી ઉતારવા." કાળો ધક-બક કરતો આવે. કાળાને કેટલા યે ઘરાકો. દી આખો ગાડી હાંકે તો ય સાંજે નવરો ન થાય. કાળો આવ્યો કે સૌ પાણી ઉતરાવવા દોડે. "એ કાળાભાઈ આવ્યા! ચાલો ઉપાડો: ગોળી, ગાગર, ઘડો, માટલું, કળશો: જે કાંઈ હાથ આવે તે."

કાળો કહેશે: "ઉપાડો મારા બાપા! લાવો, લાવો, ઝટ લાવો. ઠામ લાવો. એ.... નહિ લાવો તો હું મારે આ ચાલ્યો."

કાળો ઉતાવળો ખરો, પણ ભલો ય ખરો. ઉતાવળ કરાવે પણ ભાગી ન જાય. કોઈ પાણી ઉતારનાર ન હોય તો પોતે ઉતારે; કોઈ ગળ-

નાર ન હોય તો પોતે ગળે; વીછળનાર ન હોય તો પોતે વીછળે પણ ખરો.

કાળો જાતનો કોળી પણ એમ તો બ્રાહ્મણ-વાણિયા જેવો સુંવાળો. મોડો વહેલો પાણી પહોંચાડે જ પહોંચાડે. ભલે ને સાંજ પડી ગઈ હોય, ને વખતે રાત પડવા આવે, પણ કાળો આવ્યા વિના ન રહે.

બાપા કહેશે: "હવે કાળો નહિ આવે; પાડોશીને ત્યાંથી ઉછીનું પાણી લાવો."

ત્યાં તો કાળો દેખાયો જ છે!

"કાં ભાઈ! વાર કેમ લાગી?"

"એ તો ગજાનનભાઈને ત્યાં જરા વધારે પાણી જો'તું'તું તે ફરી વાર ભરવા ગ્યો'તો."

બાપા કહેશે: "ખરા, ખરા! આ કોળી બીજા."

કાળો કહેશે: "એમ તે કાળો કોઈ દી પાણી વિના રાખે?"

## ઘુઘો ગાડીવાળો

ઘુઘો વળાનો કોળી. અમે એને ઘુઘાભાઈ કહેતા. બા એને ઘુઘલો કહે, ને બાપા એને કોળાભાઈ કહે.

ઘુઘો ગાડીભાડાં કરે. એક રાખે ઘોડાગાડી ને બે રાખે ઘોડા.

ઘુઘો વળાથી ધોળા ને ધોળાથી વળા, એમ એક દિવસમાં બે ભાડાં કરે.

ઘુઘો ચોરણી પહેરે; ઉપર પહેરણ ને કબજો ને એની ઉપર કેડ સુધી (હાફ) કોટ, ને માથે છોગાળો ફેંટો.

ઘુઘો પહેરણમાં રૂપાનાં બટન રાખે; નાડીએ ફૂમકાં લટકાવે; ને કોટ શિકારી કટનો કરાવે.

ધુધો જુવાનજોધ હતો.
ધુધો ઊંચો તાડ જેવો હતો.
ધુધો રૂંઢમૂંઢ રભડો હતો.
ધુધો ધમધમ ચાલતો.
ધુધાને મૂછનો માત્ર દોરો ફૂટેલો.
ધુધો બાબરાં તો વાળીવાળીને ઓળે.
ધુધો હાથમાં સોટી રાખે.

ધોળા જવું છે તો કહી આવો ધુધાને.
"એ ધુધા ! કાલે ઘોળા જવું છે. ભાડું શું લઈશ ?"

"અરે ભાડાબાડાનું જે કહેશો તે. ધુધા સાથે વળી બોલી હોય કે ?"

રાતના ચાર વાગે ને ઘોડો ખોંખારે. "એ ભગવાનજી દાદા ! એ ભગવાનજી દાદા !"

"કોણ, ધુધો કે ?"

"તૈયાર છો કે ?"

"એ હા, આવે છે. અરે શાંતિ, દાસુ ! ઊઠ્યા કે ?"

રભડો=જાડો

"એ ચાલો ચાલો, પાછું ગાડીએ નહિ પો'ચાય."

ગાડીમાં બેઠા કે ધુધે સિતકારો કર્યો, ને ઘોડે તબડાવી મૂક્યાં. ધુધાનો કાંઈ ઘોડો !

મોંસૂજણું થયું ત્યાં તો રામપર આવ્યું. "એ ધુઆભાઈ! જરા ગાડી ઊભી રાખો; દાતણ કાપી આવીએ."

"એ....ઉતાવળ રાખજો. હજી અરધે ય આવ્યા નથી."

દાતણ લીધાં ને ગાડી દોડાવી મૂકી.

ઉમરાળાની નદી આવી. નદી બે કાંઠામાં વહી જાય.

ધુધો કહેશેઃ "એ હવે હેઠા ઊતરો. ઘોડો ભાર નહિ ખેંચે."

પગ પાણીમાં અને હાથમાં જોડા. અમે મોઢા આગળ અને વાંસે ધુધાની ગાડી. ધીરે ધીરે ગાડી સામે કાંઠે ચડે. પાછા તૈયાર.

ઉમરાળા મૂકીએ ને ધોળા દેખાય. "એ ભારખાનું જાય. એ ....મેલનો પાવો વાગ્યો."

ઘુઘો કહે: "ક્યાંક ગાડી ચુકાય નહિ!" ઘોડાને બે સબકારા મારે ને ઘોડો ચારે પગે ઊપડે. પા ઘડીમાં ઘોળાના સ્ટેશનમાં.

ઘુઘો ભાડું લઈ લે; માલ ઉતારી નાખે; હાશ કરીને ઊભો રહે.

ઘુઘો જાતનો કોળી પણ ઘુઘો ખાનદાન.

ઘુઘો ભાડું વધારે ન લે; ઘુઘો ધીમી ગાડી ન હાંકે; ઘુઘો રસ્તે કજિયો ન કરે; ઘુઘો છૈયાંછોકરાંને સાચવે; ઘુઘો સ્ત્રીઓને માબહેન સમજે; ઘુઘો વાણિયાબ્રાહ્મણ જેવો.

ઘુઘો વળાનો ગાડીવાળો. દસ વરસ પહેલાં ગુજરી ગયો.

## પાંચો ભરવાડ

પાંચો પહેલી વીશીનો જુવાન માટી. મોઢું ગોળ, ફૂટતી મૂછના દોરા, મારકણી આંખો, કાળાં ભમ્મર જેવાં નેણ ને લાંબું અણિયાળું નાક. પાંચો રૂપાળો હતો.

પાંચો ઑડિયાં રાખતો ને માથે નવઘરું પહેરતો. નવઘરામાં પાંચો દાંતિયો ખોસતો, પગમાં તોડા, હાથમાં કડલી ને કાનમાં ફૂલ; પાંચો પૈસે પહોંચતો હતો.

લફલફિયો ચોરણો, ચીણવાળું કેડિયું ને પાસાદાર બાંધણું રાખતો. પાંચો આગળ ને વાંસે બકરાં. બકરાં કટકટ સટસટ કરતાં ચાલ્યાં આવે. બાવળબોરડી ખાતાં જાય, આકડોઆવળ કરડતાં જાય ને આગળ આગળ વધતાં આવે.

માટી=મરદ નવઘરું=પાઘડી

પાંચો આઘે જઈને પાછું વાળીને જુએ કે કોઈ બકરું છેટું તો નથી પડયું ના? "એ ઊ.... ઓલ્યું ટોયલું રહી ગયું. એ ટીલવું રખડે. એ પણે સુખરી કો'કના વાડામાં પડી."

પાંચો ડચકારા કરે: "હટહટ, પટપટ. ટોયલું હે....એ! ટીલવું હે....એ! સુખરી હે....એ! કટ કટ કટ, ફટ ફટ ફટ." બકરાં દોડયાં આવે ને પાંચાની ફરતાં ફરી વળે.

પાંચો ટેકરે ચડે ને દેરી પાસે બેસે. બકરાં ટેકરા ઉપર વેરાઈ જાય ને કુડ કુડ કુડ ચરવા માંડે.

માધિયો આઘેથી લલકારે. પાંચો ઊભો થાય ને લાકડીને ટેકે અઢેલે, કાનમાં આંગળી ખોસે ને સામે ઉત્તર દે.

આ....ને પછી તો સામસામી ચાલે. પાંચો ને માધો: જુવાનડાની જોડલી! દુહાની ત્રમઝટ વરસાવે.

પછી પાંચો ને માધો ભેગા થાય અને બપોરા કરે. હોકલી પીએ ને સોપારીના કટકા

ખાય. બેઉ ભાઈબંધ નિતનવી હાંકે ને દી બધો હીલોળા કરે. બકરાં તો ચર્યા કરે.

સાંજ પડે ને સૂરજ હેઠા નમે ને તડકા સોને રસે. પાંચો ને માધો ઘર ભણી ચાલી નીકળે. મોઢા આગળ પાંચો, વાંસે માધો ને વચમાં બકરાં.

સળળળ સળળળ કરતું જનાવર બધું ચાલ્યું જાય.

પાંચો પાંચાને નેસે જાય ને માધો એને નેસે જાય.

પછી પાંચો ખાટલો ઢાળીને બેસે; માથાબાંધણું બાજુએ મૂકે ને હોકલી કાઢીને પીએ. માડી કહેશે: "પાંસા! આ બોઘરણું દોઈ દેજે."

હોકલી હેઠે મૂકીને પાંચો દોહવા બેસે: સરડ સરડ, ટરન્ ટરન્, બોઘરણામાં થતું જાય ને દૂધ વધતું જાય.

ઘડીમાં પાંચો દૂધ દોહીને બાજુએ ખસે. બકરાંચાળાંને ધુમાડો કરે ને વાડામાં લઈ

નેસ=રબારી કે ભરવાડનું રહેઠાણ

જઈને પૂરી દે.

પછી પાંચો બેસે રોટલા ખાવા. હાથમાં રોટલો ને તાંસળીમાં દૂધ. આ....ને મજાના ત્રણ રોટલા ટટકાવે ને ઉપર બે તાંસળી દૂધ પીએ.

હોઇયાં કરીને ઊભો થાય, ને ખાટલી ઢાળી લાંબો થઈને સૂએ.

વા વાય કે વીજળી થાય, ટાઢ પડે કે ધામ થાય; પાંચાને એક ઊંઘે સવાર!

# દેવો જોશી

દેવો જોશી અમારા નાના ફોઈના વડસસરા.

દેવો જોશી સિત્તેર ઉપર પાંચ વરસના.

દેવો જોશી બેઠી થડીના, શરીરે ભરેલા ને વાને ગોરા.

દેવો જોશી આગલા જુગના.

એટલાં વરસ થયેલાં પણ કાયા કાંતિવાળી, આંખ તેજભરી, કપાળ ઊંચું ને ચળકતું ને યાદશક્તિ હજી એવી ને એવી.

દેવો જોશી પ્રથમ તો લીંબડીએ ભણવા ગયેલા. જૂના વખતના વિદ્યાર્થી ઘેરથી ચાલીને ભણવા જતા; ગુરુને ત્યાં દીકરા જેમ રહેતા ને મહેનત કરીને ભણતા. શામજી ગુરુને ત્યાં જોશી ભણેલા. ગુરુ એને પ્રસન્ન હતા.

પછી દેવો જોશી પાંચ વરસ કાશીએ પણ રહી આવેલા.

દેવા જોશીનું જોશ એટલે બ્રહ્માના અક્ષર. ને બોલ્યા એ બોલ્યા, એમાં ફરે નહિ. એની વિદ્યાનું એવું બળ.

એવી એની વિદ્યા, પણ જોશીને નહિ માન કે નહિ અપમાન. નહિ એમ કે આ રાજા માટે એનું જોશ સારું જોવું, ને આ રંક એટલે એનું કાંઈ નહિ.

દેવો જોશી જે આવે એને કોથળા પર બેસારે. પોથી કાઢીને પૈસો કે સોપારી મુકાવે. પાટી ને પેન લે; તડકામાં જઈ છાંયો માપી વખત લે, ને પછી આંકડા મૂકે. જોશી ટીપણું જોતા જાય ને આંકડા મૂકતા જાય. જેવું આવે એવું કહી દે; છાંદો ન કરે. જોવરાવનારને જે દેવું હોય તે દઈ જાય; પાઈ દે કે પાંચસો રૂપિયા દે, દેવા જોશીને લાખ જેવા.

દેવો જોશી એમ તો વિદ્વાન ને રાજમાન્ય. ઘેર ગાડી આવે ને રાજા તેડાવે, પણ જોશી પગે ચાલીને જાય. કહેશે: "રાજની

છાંદો=છાનું રાખવું તે

ગાડી તો પાંચ દિવસ છે.”

દેવો જોશી એટલે સંતોષી ને સુખી.

નાનું એવું એનું ઘર હતું. નાની એવી ઓશરી હતી. ત્યાં જોશી કોથળો નાખીને બેસતા. એક ખડિયો ને લેખણ; એક ટીપણું ને પાટીપેન. બસ, આવી રહ્યું!

જોશીને મળે તેનાથી ઘર ચલાવે. રોટલા, છાશ, શાકપાંદડું, જે ભગવાને આપ્યું તેનાથી પેટ ભરે.

દેવા જોશીને અમે ભાળેલા. અમે તો તે દિવસે નાના. અમે એનું ટીપણું લઈને ઉખેળીએ ને ગાડી કરીએ.

જોશી હસીને કહેશે: “છોકરાવ! લાવો હવે વીંટી દઉં. લ્યો, આ બોર છે તે ખાવ.”

અમને બોર આપે ને જોશી ટીપણું સંકેલવા બેસે.

કોઈ જોશીને જોતાં દેવો જોશી જરૂર જરૂર સાંભરે છે.

# શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

## ૮૦ પુસ્તકો

### સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

છૂટક નકલના દરેકના ૦–૪–૦

*

૧ ગણપતિ બાપા
૨ ચકીચકો
૩ ઊભું હતું, ઊભું હતું
૪ હજામડી
૫ કુણાટ
૬ બાળકોનો બીરબલ–૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો–૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડામાં ભળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં
૧૬ મકનો અને રાક્ષસ
૧૭ રૂપસિંહ ને રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાક્યપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ

૩૭ જુગતરામના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો–૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજીભાઈ પડી ગયા!
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને–
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળકોનો બીરબલ–૨
૫૪ છેટાં રે'જો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ, કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓતરાતી દીવાલો–૧
૬૨ ઓતરાતી દીવાલો–૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત–મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવતસંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ ?
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વરતસંગ્રહ
૭૨ રમતજોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા ને સોરઠા
૭૫ વિનોદટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

# દરેક ઘરમાં હોવાં જ જોઈએ

## શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરનાં પ્રકાશનો

### બાળકો તેમ જ કિશોરો માટેનાં

| | | | |
|---|---|---|---|
| ૧ બાલસાહિત્યમાળા • ૮૦ પુસ્તકો | | આખા સેટના | ૨૦-૦-૦ |
| ૨ બાલસાહિત્યગુચ્છ • ૨૫ પુસ્તકો | | ,, | ૭-૮-૦ |
| ૩ બાલસાહિત્ય વાટિકા • ૩૫ પુસ્તકો • | | દરેક પુસ્તકના | ૧-૦-૦ |
| ૪ બાળવાર્તાઓ ભા. ૧-૫ • શ્રી ગિજુભાઈ | | ,, | ૧-૦-૦ |
| ૫ કિશોરકથાઓ ભા. ૧-૨ | ,, | ,, | ૧-૦-૦ |
| ૬ રખડુ ટોળી ખંડ ૧-૨ | ,, | ,, | ૦-૧૨-૦ |
| ૭ બાળ લોકગીત સંગ્રહ ભા. ૧-૨ | ,, | ,, | ૦-૬-૦ |
| ૮ ધર્માત્માઓનાં ચરિતો | ,, | | ૧-૮-૦ |
| ૯ ઇસપનાં પાત્રો : ગધેડાં | ,, | | ૦-૮-૦ |
| ૧૦ મહાભારતનાં પાત્રો ૧-૧૩ • શ્રી નાનાભાઈ • | | સેટના | ૧૨-૮-૦ |
| ૧૧ રામાયણનાં પાત્રો ૧-૬ | ,, | ,, | ૭-૮-૦ |
| ૧૨ આખ્યાયિકાઓ ખંડ ૧-૨ | ,, | દરેકના | ૧-૮-૦ |
| ૧૩ શ્રીમદ્ લોકભાગવત | ,, | | ૫-૮-૦ |
| ૧૪ ભાગવત કથાઓ | ,, | | ૧-૮-૦ |
| ૧૫ બાલરામાયણ | શ્રી મોંઘીબેન | | ૧-૮-૦ |
| ૧૬ ભગવાન બુદ્ધ | શ્રી ગિજુભાઈ | | ૦-૬-૦ |
| ૧૭ સો ટકેનાં પરાક્રમો | શ્રી રમેશ ગૌતમ | | ૦-૫-૦ |
| ૧૮ ટારઝન ભાગ ૧-૧૦ | શ્રી શંકર શાહ • | દરેકના | ૦-૧૨-૦ |
| ૧૯ રંગરેખા (ચિત્રસંગ્રહ-બે સંપુટ) | સોમાલાલ શાહ | ,, | ૩-૦-૦ |
| ૨૦ બાપુજીની અને બીજી વાતો | કપિલાબેન ઠાકોર | | ૦-૧૨-૦ |
| ૨૧ પીળાં પલાશ (બાળનાટકો) | શ્રીધરાણી | | ૦-૮-૦ |

:મળવાનું મુખ્ય સ્થળ:

**આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨**

બુકસેલર્સ એન્ડ પબ્લિશર્સ : પ્રિન્સેસ સ્ટ્રીટ